**647510** **0101201C1042** **Seat No: ___________**

# B.A. Semester - 2 (CBCS) Examination
# March/April- 2019 (Old Course)
# GUJARATI P4 SARJAN LEKHAN KAUSHAL-2
# (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનાં ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"પ્રજાની સંસ્કૃતિનું પ્રતિબિંબ મહદંશે તેની જીવનરીતિમાં પડે છે, પણ તેથી યે મહત્તર અંશે તે પ્રજાની વિચારપ્રક્રિયાઓમાં અને જીવન પ્રત્યેનાં તેના દ્દષ્ટિબિંદુમાં પ્રતિબિંબિત થાય છે. આ બધું- જીવનરીતિ, વિચાર પ્રક્રિયાઓ, જીવનદ્રષ્ટિ અને આંતરિક ઝંખનાઓ પ્રજાની કલાઓ અને સાહિત્ય દ્વારા અભિવ્યક્તિ પામે છે, અને એટલે, કોઇ પણ પ્રજાની કલાઓ અને સાહિત્ય તે સાંસ્કૃતિક સમૂહની ભાવમૂર્તિનો બહુ સબળ રીતે પ્રક્ષેપ કરી શકે છે. આ વિધાનમાં રહેલું તથ્ય અનુભવવા બહુ લાંબે જવું પડે તેમ નથી. જીવનનાં દર્શન અને તેનાં પ્રત્યેનાં ભાવ અને અભિગમનાં દ્દષ્ટિબિંદુથી જોઇએ તો પ્રાચીન ભારતની કલાઓ અને સાહિત્ય, પ્રાચીન ગ્રીસની કલાઓ અને સાહિત્ય કરતાં ભિન્ન સ્તર ઉપર પ્રસ્થાપિત થયેલાં દેખાય છે. પ્રાચીન ભારત અને પ્રાચીન ગ્રીસ બન્નેએ તેમનાં ગૌરવાન્વિત યુગો દરમિયાન અસર કલાકૃતિઓ સર્જી છે. પણ તે કૃતિઓની ભાવ અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન-ભિન્ન સ્તરની છે."

-ગુલાબદાસ બ્રોકર.

અથવા

પ્રશ્ન-૧ "સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે., આથી તેમાં જૂની મૂડી ઉપર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યના શિક્ષકની યોગ્યતાની પહેલી શરત એ કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઇએ. સાહિત્યનાં આગળ વર્ણવેલા મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂઝના બળે અંગુલિ નિર્દેશ કરવો. એટલું જ નહિ, પણ એ શક્યતાઓ ચરિતાર્થ થાય. તેની માટેની અનુકૂળ આબોહવા સર્જવામાં પોતાની અધ્યાપન પ્રવૃત્તિને, ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી જોઇએ અને તે પોતાનો ધર્મ માનતો હોવો જોઇએ."

-સુરેશ જોશી.

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

આજનું શિક્ષણ માત્ર સ્મૃતિનો ઉછેર કરે છે. આપણે જીવતા માણસોને સ્મૃતિનાં યંત્રો બનાવીએ છીએ. હકીકતો અને અભિપ્રાયોને ધારણ કરનારા સામાન્ય પ્રાણીઓની આપણે નીપજ કરવી છે, અને સમય આવ્યે એમનો ઉપયોગ કરવો છે. આપણે એવા માણસો પેદા કરવા માગીએ છીએ કે, જેમનાં મન, ધર્મ, માન્યતાઓ અને પરંપરાથી ગૃહિત છે.

મને એવું જણાય છે કે સાચું શિક્ષણ આ બધા સંસ્કાર ગ્રહણોની પેલે પાથી શરૂ થાય છે. જ્યાં માણસ વિચારવાની સાચી પ્રક્રિયા સમજે છે. આ સંસ્કાર ગ્રહણીને ઓળંગી જવાના તમારા પુરૂષાર્થમાં સમાજ તમને કશી જ મદદ કરી શકે તેમ નથી. સમાજને તો પોતાની પરંપરાઓ નિભાવવા માટે સાધારણ જનોની પેદાશ કરવી છે. આવા સમાજ સામે તમારે બળવો પોકારવો પડશે.

જ્ઞાન તમારા અનુભવોને ગ્રહિત બનાવે છે. જો તમારે તથ્યને સીધી રીતે અનુભવવું હશે તો બધાં જ જ્ઞાનનાં વસ્ત્રો ઉતારીને મનને મુક્ત કરવું પડશે. સત્ય અથવા તથ્ય વિશે જ્ઞાન મેળવી શકાતું નથી.

સત્યનું સીધું દર્શન, એનો સીધો અનુભવ તમને કેવળ આ ક્ષણે જ થઇ શકે. કેમ મળી શકે એની પ્રક્રિયા કોઇ એક જણ બીજાને દેખાડી ન શકે. કેળવણી માટે પદ્ધતિ જોઇએ. પદ્ધતિ પછી 'સમય' ને વચ્ચે લાવે છે. સમય એ સ્મૃતિ છે. સ્મૃતિ એટલે પરંપરા. આ બધા સંસ્કાર ગ્રહણોને જો તમે જોઇ લો તો એઓ પોતાની મેળે ખરી પડશે. સંસ્કારોનું નિર્માણ ત્યાં શાંત થઇ જશે. સંસ્કાર નિર્મિતની પ્રક્રિયાનું શાંત થવું એ સાવધાનીની શરૂઆત છે.'' -

શ્રી કૃષ્ણમૂર્તિ.

અથવા

પ્રશ્ન-૨ ''પ્રજાસત્તાક રાજ્ય થયું તો પણ વિદ્યાલયોનાં વાતાવરણમાં એક જુનો દોષ હજી પણ દેખાય છે. વિદ્યાર્થી જાણે કુટુંબ અને સમાજનાં બંધનોમાંથી વિમુક્ત થઇ કોઇ વ્યવહારની ભૂમિમાં આવતો હોય એમ લાગે છે. મુક્તિની ખુમારી તત્વતઃ ખોટી નથી. એને લીધે વિદ્યાર્થીની માસિક વૃત્તિઓને કુટુંબ સાથે અધ્યાપકો સાથે અને સમાજ સાથે બહુ મેળ રહેતો નથી; અપવાદરૂપ વિદ્યાર્થીઓ હંમેશા હોય છે. એમને સર્જક પ્રવૃત્તિ મળતા વિસંવાદ ઓછો રહે છે. અગ્રણી વિદ્યાર્થીઓ વિદ્યાલયની ઇતર પ્રવૃત્તિઓનું સંચાલન કરતા હોય તો તેની છાપ બીજા વિદ્યાર્થીઓ પણ પડે છે અને વાતાવરણ શીતળ રહે છે. જ્યાં એમ નથી થતું ત્યાં અધ્યાપકો સમાજને અને કુટુંબનાં સંસ્કારને દોષ દે છે અને મા-બાપો વિદ્યાલયનાં વાતાવરણને વગોવે છે.' **-વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

પ્રશ્ન-3 (અ) નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ગદ્યખંડ ફરીથી લખો. (૦૭)

હા હું તમારો ભાવાર્થ સમજી હું શું કરું મારો સ્વભાવ છે તે દેવસેવામાં ચિત્ત પરોવાય છે ત્યારે ઘરસેવા પર રહેતું નથી મારો વાંક હું કબૂલ કરું છું પણ આટલો બધો કોપ ન ઘટે ત્રણ જણીઓને બહાર કાઢી તે ફજેતી થાય છે ને લોક બારણે ભરાયા છે ડોશી ધીમે ધીમે ચાલી અને બારણાં ઉઘાડી ત્રણેને ઘરમાં બોલાવી લીધી ડોસો દ્વાર ભણી જોઇ રહ્યો ગયો અને લોકને ધમકાવી કાઢી બારણાં બંધ કરી પાછો આવ્યો જા દેવને પાણીની ગોળીમાંથી કાઢી લે આજ તો ગોળીમાં નાખ્યા પણ હવે ભૂખે મારીશ તો કૂવામાં નાખીશ.

અથવા

નીચેનામાંથી કોઇપણ સાત વાક્યમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો

(૧) અરે રે તેની મા આ જાણશે તો તેને કેવો આઘાત લાગશે.

(૨) મહેનત પ્રેમથી કરેલી મહેનતનો બદલો મળે જ છે

(૩) સત્ય અહિંસા ચોરી ન કરવી વણ જોઇતું ન સંઘરવું

(૪) મને કંઇ ખબર હતી કે તમે ત્યાંજ હશો

(૫) મુંજાલ તું જાણે છે હું ગુજરાતની રાજમાતા છું.

(૬) સરદાર આપણું લશ્કર વિજયકૂચ કરી રહયું છે

(૭) અહા સૂર્યોદય કેવો આહ્લાદક છે.

(૮) ગાંધી વિચાર તમે પૂરો સમજ્યા તો હશો ને

(૯) પરીક્ષામાં ચોરી કરવી નહિ કરનારને શિક્ષા થશે.

(૧૦) સોનાએ કહ્યું સર એ ઉત્તરવહી મારી પાસે નથી

પ્રશ્ન-3 (બ) નીચેના સમાસનાં વિગ્રહ કરી ઓળખાવો. (કોઇપણ સાત) (૦૭)

| | |
|---|---|
| (૧) આપોઆપ | (૬) અનેક રંગી |
| (૨) ખાતાવહી | (૭) ગગનભેદી |
| (૩) હરામખોર | (૮) ધર્મનિષ્ઠા |
| (૪) વીજળીવેગ | (૯) સુખશાંતિ |
| (૫) પવનવેગે | (૧૦) પાણીપોચા |

પ્રશ્ન-૪ (અ) નીચેનામાંથી કોઇપણ સાત રૂઢિપ્રયોગનાં અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (૦૭)

| | |
|---|---|
| (૧) માખીની જેમ મરવું. | (૬) રમણે ચઢવું. |
| (૨) માથે લેવું. | (૭) હૈયું પાછું આવવું |
| (૩) રસવિભોર થવું. | (૮) એકના બે ન થવું. |
| (૪) પગ વાળીને બેસવું. | (૯) ગળથૂથીમાં મળવું. |
| (૫) નામ કાઢવું. | (૧૦) ભાવ-વિભોર થઇ જવું. |

પ્રશ્ન-૪ (બ) નીચે આપેલી કહેવતોનાં અર્થ આપો. (કોઇપણ સાત) (૦૭)

(૧) મોસાળે જમણ અને મા પીરસનારી.
(૨) ગરજવાનને અક્કલ ન હોય.
(૩) આડે લાકડે આડો વાઢ.
(૪) એક મરણિયો સોને ભારે.
(૫) રાંડ્યા પછીનું ડહાપણ.
(૬) ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે.
(૭) આંગળી પકડી પહોંચો કરડવો.
(૮) ઊંચે આભ નીચે ધરતી.
(૯) ગરજ સરી એટલે વૈધ વેરી.
(૧૦) કુમળું ઝાડ વાળીએ તેમ વળે.

પ્રશ્ન-૫ નીચેનાં ચાર પૈકી કોઇપણ બે પ્રશ્નનાં મુદ્દાસર જવાબ આપો. (૧૪)

(૧) રૂઢિપ્રયોગ એટલે શું? તેનું ભાષામાં પ્રયોજન શું છે?
(૨) કર્મધારય સમાસ ઉદાહરણ સાથે સમજાવો.
(૩) ગદ્યખંડનું વિવરણ કરતી વખતે કઇ બાબતો ધ્યાનમાં રાખશો?
(૪) ગુરૂવિરામ, ઉદ્દગાર ચિહ્ન અને લઘુરેખા વિશેની સમજ ઉદાહરણ સાથે સમજાવો.

**********************************